# મુખ્યમંત્રીએ વ્યારામાં 317 બેડની UNM હોસ્પિટલ ખુલ્લી મૂકી

**800 બેડની નવી હોસ્પિટલનું ખાતમુર્હૂત સંપન્ન, તાપી સહિતના સરહદી આદિજાતિ વિસ્તારોના 8 લાખથી વધુ લોકોને નજીકના સ્થળે જ આરોગ્ય સેવાનો લાભ મળતો થશે**



વ્યારા, સુરતઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારામાં 317 બેડની અતિઆધુનિક ટ્રાન્ઝિશનલ હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. યુ.એન.એમ. મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પ્રોજેક્ટની નવી 800 બેડની હોસ્પિટલનું ભૂમિપૂજન પણ મુખ્યમંત્રીના હસ્તે સંપન્ન થયું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, આ હોસ્પિટલથી તાપી જિલ્લાના નાગરિકોને ઘર આંગણે અદ્યતન સારવારની સુવિધાઓ મળશે. લોકોને સુરત સિવિલ સુધી લાંબા થવું નહીં પડે, એટલું જ નહીં તાપી જિલ્લાને અડીને આવેલા મહારાષ્ટ્રના સરહદી આદિજાતિ વિસ્તારોના 8 લાખથી વધુ લોકોને નજીકના સ્થળે જ આરોગ્ય સેવાનો લાભ મળતો થશે.

આ પહેલ અંગે માહિતી આપતાં ટોરેન્ટ ગ્રુપના ડિરેક્ટર જીનલ મહેતાએ જણાવ્યું હતું કે, જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડલ હેઠળની આ પહેલથી ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોના લોકોને, ખાસ કરીને આદિવાસી સમુદાયને, પોતાના ઘરઆંગણે જ અદ્યતન તબીબી સારવાર ઉપલબ્ધ થશે. નવી 800 બેડની હોસ્પિટલ અને 150 બેઠક ધરાવતી મેડિકલ કોલેજનું નિર્માણ પૂર્ણ ન થાય ત્યાં સુધી દર્દીઓને અગવડ ન પડે અને કોઈ અવરોધ વિના સારવાર ચાલુ રહે તે માટે આ ટ્રાન્ઝિશનલ સુવિધા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ સમગ્ર પ્રોજેક્ટ અંતર્ગત વ્યારા ખાતે આગામી સમયમાં 150 બેઠકની MBBS મેડિકલ કોલેજ અને વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલ સહિત એક હેલ્થકેર હબ વિકસાવવામાં આવશે. વ્યારા જનરલ હોસ્પિટલમાં હાલમાં કાર્યરત તમામ તબીબી સેવાઓ અને દર્દીઓની સારવાર હવે નવનિર્મિત 317 બેડની ટ્રાન્ઝિશનલ હોસ્પિટલમાં સ્થળાંતરિત કરવામાં આવશે.

### 317 બેડની ટ્રાન્ઝિશનલ હોસ્પિટલમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ

હોસ્પિટલમાં કુલ 317 કાર્યરત બેડ, જેમાં 271 વોર્ડ બેડ અને 46 ક્રિટિકલ કેર બેડનો સમાવેશ થાય છે. હોસ્પિટલની OPD ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. અગાઉની આશરે 700 દર્દીઓની દૈનિક OPD ક્ષમતાની સામે હવે 17 ક્લિનિકલ સ્પેશિયાલિટીઝ માટે 24 સમર્પિત OPD રૂમ સાથે દરરોજ આશરે 1200 દર્દીઓને સેવા આપી શકાશે. ક્રિટિકલ કેર માટે 34 ICU બેડ, 12 NICU/PICU બેડ અને ૬ ER બેડ ઉપલબ્ધ છે. આ ઉપરાંત અદ્યતન પેથોલોજી અને માઇક્રોબાયોલોજી લેબોરેટરી, બ્લડ સ્ટોરેજ સેન્ટર, X-Ray, USG, ૮ બેડનું ડાયાલિસિસ યુનિટ, CSSD, Kangaroo Mother Care Room અને NRC Ward જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# સુરતમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઉકળાટ, શહેરમાં 2 મીમી વરસાદ

**જિલ્લામાં છૂટાછવાયાં વરસાદી ઝાપટાં, પલસાણામાં સૌથી વધુ 16 મીમી વરસાદ નોંધાયો**

સુરત : સુરત શહેર અને જિલ્લામાં આજે દિવસભર વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આકાશમાં વાદળો છવાયેલા હોવા છતાં ઉકળાટમાં ખાસ રાહત મળી નહોતી. દિવસ દરમિયાન શહેર સહિત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. જોકે સમગ્ર જિલ્લામાં વરસાદનું પ્રમાણ અસમાન રહ્યું હતું અને મોટા ભાગના તાલુકાઓ કોરાકટ રહ્યા હતા.

સુરત શહેરમાં આજે કુલ 2 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે જિલ્લાના ચાર તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં પલસાણામાં સૌથી વધુ 16 મીમી વરસાદ પડ્યો હતો. મહુવામાં 6 મીમી અને અરેઠમાં 1 મીમી વરસાદ નોંધાયો હતો. અન્ય વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડ્યા હોવા છતાં નોંધપાત્ર વરસાદ થયો નહોતો.

વરસાદી માહોલ વચ્ચે પણ વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અનુભવાયો હતો. દિવસના મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો નોંધાતા તાપમાન 32.7 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 26.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તાપમાનમાં થોડો ઘટાડો થયો હોવા છતાં ઊંચી ભેજને કારણે લોકોને ગરમી અને બફારો અનુભવાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ 76 ટકા નોંધાયું હતું. આ સાથે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 4 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. વાદળછાયા વાતાવરણ અને ભેજના ઊંચા પ્રમાણને કારણે દિવસ દરમિયાન વાતાવરણમાં બફારો યથાવત રહ્યો હતો.

# સુરત ગ્રામ્યની ૫૬૭ શાળાનો 'ઓનલાઇન' રેકોર્ડ બદલાયો, નવા ઇન્ડેક્સ નંબર જરૂરી

**જૂના નંબરથી કામગીરી કરાશે તો ડેટા મેચિંગમાં મુશ્કેલી**

સુરતઃ સુરત શહેર અને ગ્રામ્યની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના વહીવટી વિભાજન બાદ હવે તેની સીધી અસર શાળાઓના બોર્ડ સંબંધિત ઓનલાઈન રેકોર્ડ પર પડી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે સુરત ગ્રામ્ય વિસ્તારની ૫૬૭ શાળાઓને નવા ઈન્ડેક્સ નંબર ફાળવ્યા છે. આથી ગ્રામ્ય વિસ્તારની શાળાઓએ હવે બોર્ડની ઓનલાઈન કામગીરીમાં જૂના નહીં, પરંતુ નવા ઈન્ડેક્સ નંબરનો જ ઉપયોગ કરવો પડશે.

સુરત ગ્રામ્યમાં ફાળવાયેલી ૫૬૭ શાળાઓમાં ૩૧૦ માધ્યમિક (SSC) અને ૨૫૭ ઉચ્ચતર માધ્યમિક (HSC) શાળાઓનો સમાવેશ થાય છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સંબંધિત શાળાઓને નવા ઈન્ડેક્સ નંબર અંગે જાણ કરી દેવામાં આવી છે.

શિક્ષણ વિભાગની સૂચના મુજબ જે શાળાને નવો ઈન્ડેક્સ નંબર ફાળવવામાં આવ્યો છે, તેણે શાળા રજિસ્ટ્રેશન સહિત બોર્ડને લગતી તમામ ઓનલાઈન કામગીરીમાં નવા નંબરનો જ ઉપયોગ કરવાનો રહેશે. શાળાઓએ બોર્ડ દ્વારા જાહેર કરાયેલી નવી યાદીમાં પોતાનું નામ અને ફાળવાયેલો ઈન્ડેક્સ નંબર ચકાસી લેવાનો રહેશે.

વહીવટી વિભાજન બાદ સુરત શહેરમાં ૧૦૭૬ શાળાઓનો સમાવેશ થયો છે, જેમાં ૫૬૯ SSC અને ૫૦૭ HSC શાળાઓ છે. જોકે શહેરની શાળાઓના હાલના ઈન્ડેક્સ નંબરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યારે ગ્રામ્ય વિસ્તારની ૫૬૭ શાળાઓ માટે નવા ઈન્ડેક્સ નંબર ફાળવવામાં આવ્યા છે.

# દાંડી પંચાયતમાં અવિશ્વાસ પ્રસ્તાવ મુદ્દે તલાટી સામે રોષ

**અવિશ્વાસની નોટિસ બાદ 15 દિવસમાં સભા બોલાવવાની જોગવાઇ છે**

સુરતઃ ઓલપાડ તાલુકાની દાંડી ગ્રામ પંચાયતમાં સરપંચ/ઉપસરપંચ પરેશભાઈ રામાભાઈ ખલાસી વિરુદ્ધ રજૂ કરવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવને લઈને પંચાયતના સભ્યોમાં રોષ ફેલાયો છે.

સભ્યોના આક્ષેપ મુજબ, તા. 1 સપ્ટેમ્બર, 2026ના રોજ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હોવા છતાં 15 દિવસથી વધુ સમય વીતી જવા છતાં તલાટી-કમ-મંત્રી દ્વારા નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવી નથી.

સભ્યોના જણાવ્યા મુજબ, ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 56(5)માં અવિશ્વાસ પ્રસ્તાવ અંગે ચોક્કસ પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. પંચાયતને અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ મળ્યા બાદ 15 દિવસની અંદર સભા બોલાવવાની જોગવાઈ છે.

જો સરપંચ દ્વારા સભા ન બોલાવવામાં આવે તો સેક્રેટરી એટલે કે તલાટી-કમ-મંત્રીએ સક્ષમ અધિકારીને અહેવાલ મોકલવાનો હોય છે. ત્યારબાદ સક્ષમ અધિકારી દ્વારા પણ નિયત સમયમર્યાદામાં સભા બોલાવવાની પ્રક્રિયા કરવાની જોગવાઈ હોવાનું સભ્યો જણાવી રહ્યા છે.

### અવિશ્વાસની સભા યોજવાની માંગ

દાંડી ગ્રામ પંચાયતના સભ્યોની મુખ્ય માંગ અવિશ્વાસ પ્રસ્તાવ અંગે નિયમ મુજબ સભા બોલાવી નિર્ણય કરવાની છે. સભ્યોના જણાવ્યા મુજબ, લોકશાહી ઢબે ચૂંટાયેલી પંચાયતમાં રજૂ થયેલા અવિશ્વાસ પ્રસ્તાવની પ્રક્રિયા સમયસર પૂર્ણ થવી જોઈએ તેવી માંગ સાથે કમીટી સભ્ય મનીષકુમાર લાલાભાઈ પટેલે રજૂઆત કરી છે.

# સુરત જિલ્લા પંચાયતની કારોબારી પહેલા હવે સંકલન બેઠક મળશે

**સુરત જિલ્લા પંચાયતમાં પ્રમુખના અધ્યક્ષ સ્થાને પ્રથમ વખત સંકલન બેઠક મળી**

સુરતઃ સુરત જિલ્લા પંચાયતના ઈતિહાસમાં પ્રથમવાર જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને વિવિધ સમિતિઓની સંકલન બેઠક યોજાઈ હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં વિવિધ સમિતિઓ દ્વારા ચાલી રહેલી કામગીરી, વિકાસકામોની સ્થિતિ તેમજ સભ્યો દ્વારા કરવામાં આવતી રજૂઆતો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં માત્ર એક સમિતિ પૂરતી કામગીરીને બદલે તમામ સમિતિઓ વચ્ચે સંકલન વધે અને તેના પરિણામો જિલ્લાના તમામ તાલુકાઓ તથા ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયત દ્વારા હવેથી દર કારોબારી બેઠક પહેલાં વિવિધ સમિતિઓના અધ્યક્ષો અને સભ્યોની સંકલન બેઠક યોજવામાં આવશે. આ બેઠકમાં સમિતિઓ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી, આગામી આયોજન તેમજ એકબીજા સાથે સંકળાયેલા મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

### સભ્યોની રજૂઆતોના નિકાલ પર પણ નજર

ગ્રામ્ય વિસ્તારોમાંથી જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોને રસ્તા, પીવાના પાણી, ડ્રેનેજ, સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ સહિતની વિવિધ જાહેર સુવિધાઓ અંગે રજૂઆતો મળતી હોય છે. આવી રજૂઆતો સંબંધિત શાખા અથવા સમિતિ સુધી પહોંચાડવામાં આવે છે. સંકલન બેઠકમાં હવે આવી રજૂઆતોની સ્થિતિ અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે. જિલ્લા પંચાયત પાસે ઉપલબ્ધ રૂ.66 કરોડથી વધુના સ્વભંડોળનો યોગ્ય ઉપયોગ પણ ચૂંટાયેલી પાંખ માટે મહત્ત્વનો મુદ્દો છે.

### તમામ તાલુકાઓને લાભ મળે તેવો અભિગમ

જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીએ જણાવ્યું હતું કે, 'એકબીજાના વિચારોનું આદાન-પ્રદાન થાય અને તેનો લાભ તમામ તાલુકાઓને મળે' પ્રથમ સંકલન બેઠકનો મુખ્ય હેતુ વિવિધ સમિતિઓના અધ્યક્ષો અને સભ્યો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન વધારવાનો રહ્યો હતો. એક સમિતિ દ્વારા કરવામાં આવતી કામગીરી, તેના અનુભવો અને પડકારોની માહિતી અન્ય સમિતિઓ સુધી પહોંચે અને તેનો લાભ જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ લઈ શકાય તે દિશામાં બેઠકને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# ગુજરાતમાં હવે ગ્રામ્ય કક્ષાએ પણ શરૂ થશે નારી અદાલત

**મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના 'નારીને ન્યાય' અભિગમનું જિલ્લા-તાલુકા બાદ ગામ સુધી વિસ્તરણ**

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર 'નારીને ન્યાય' અભિગમને પ્રોત્સાહન આપવાનો સતત પ્રયત્ન કરી રહી છે અને આજ કડીમાં જિલ્લા અને તાલુકા કક્ષાબાદ હવે ગ્રામ્ય કક્ષાએ પણ નારી અદાલત શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારત સરકારની મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા હેઠળ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોની મહિલાઓ માટે ન્યાય અને સશક્તિકરણની દિશામાં મહત્વની પહેલ તરીકે રાજ્ય સરકારે ગ્રામ પંચાયત કક્ષાએ પ્રાયોગિક ધોરણે આવી નારી અદાલતો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે રાજ્ય સરકારે પ્રથમ તબક્કે 10 આદિજાતિ જિલ્લાઓની કુલ 10 ગ્રામ પંચાયતોની પસંદગી કરી છે. ખાસ બાબત એ છે કે પસંદ કરાયેલી તમામ ગ્રામ પંચાયતોમાં મહિલા સરપંચોના નેતૃત્વ હેઠળ નારી અદાલતની પહેલ આગળ વધશે.

મુખ્યમંત્રીના માર્ગદર્શન તથા મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને લગતા પ્રશ્નો ગ્રામ્ય કક્ષાએ જ સાંભળવાની અને ઉકેલ તરફ આગળ વધવાની વ્યવસ્થા ઊભી કરવાના આ પ્રયાસને મિશન શક્તિ સાથે જોડવામાં આવ્યો છે. નોંધનીય છે કે અગાઉ ગ્રામ પંચાયત કક્ષાએ કુલ 10 નારી અદાલતો શરૂ કરવાની નવી બાબતને પ્રાયોગિક ધોરણે મંજૂરી આપવામાં આવી હતી.

### તમામ 10 ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે મહિલા

સરકારે સામાજિક ન્યાયની પુરતી વ્યુહરચના સાથે આદિજાતિ જિલ્લાઓ અને તેમાં પણ મહિલા સરપંચનું નેતૃત્વ ધરાવતી પંચાયતોની પસંદગી નારી અદાલત માટે કરી છે. તેમાં ગરુડેશ્વરમાં સરોજબહેન બાબુભાઈ વસાવા, ચીકદામાં લતાબેન મહેન્દ્રભાઈ વસાવા, સિંગવડમાં લખીબેન બાલુભાઈ વહોનિયા, લીમડીમાં શીલાબેન વિજયકુમાર મોરી, કાળિયામાં પુષ્પાબેન ભાવિનભાઈ મછાર, કોઠંબામાં નીતાબેન વિશાલકુમાર પટેલ, કદવાલમાં ઉજલીબેન હમસિંગભાઈ રાઠવા, રાધાનેસડામાં લક્ષ્મીબેન દેવજીભાઈ કોળી, શામળપુરમાં સંગીતાબેન મહેન્દ્રભાઈ પટેલ અને જલોત્રામાં ગલબીબેન મહેશભાઈ ચૌધરી સરપંચ છે.

# તહેવારોમાં 9 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાયા

**ઉત્તર ભારત તરફ નવેમ્બર અંત સુધી સ્પેશિયલ ટ્રેનો દોડશે**

સુરતઃ ભારે ભીડ અને પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસને મુસાફરોની મુસાફરી સરળ બનાવવા માટે અગાઉથી ચાલી રહેલી 9 જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનોની સમયમર્યાદા લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત કુલ 174 વધારાના ફેરા દોડાવવામાં આવશે. તહેવારોમાં વતન જતા કે ફરવા જતા લોકોને કન્ફર્મ ટિકિટ મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર થશે અને ટ્રેનોમાં લાંબી રાહ જોવી નહીં પડે.

### કઇ ટ્રેનો લંબાવાઈ?

» મુંબઈ સેન્ટ્રલ-ભિવાની : 9 ઓક્ટોબરથી 28 નવેમ્બર સુધી અઠવાડિયામાં બે દિવસ. » મુંબઈ સેન્ટ્રલ-મઉ : 7 ઓક્ટોબરથી 27 નવેમ્બર સુધી દર બુધવાર/શુક્રવારે. » બાંદ્રા-ભિવાની : 14 ઓક્ટોબરથી 26 નવેમ્બર સુધી દર બુધવાર/ગુરુવારે. » બાંદ્રા-ભુજ : ત્રણ અલગ-અલગ ભુજ સ્પેશિયલ 1 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી અલગ-અલગ દિવસે દોડશે. » બાંદ્રા-વેરાવળ : 4 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી દર રવિવાર/સોમવારે. » ઉધના-અયોધ્યા કેન્ટ : 6 ઓક્ટોબરથી 14 નવેમ્બર સુધી.

### આ ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા

યુપીમાં ચાલતા કામને લીધે ઉધના-અયોધ્યા સ્પેશિયલ ટ્રેનો હવે લખનઉને બદલે માનકનગર-ઐશબાગ-મલ્હૌર થઈને દોડશે અને ઐશબાગ જંક્શન પર ઉભી રહેશે. જ્યારે મુંબઈ-મઉ સ્પેશિયલ હવે કાનપુર-પ્રયાગરાજ-વારાણસી થઈને દોડશે અને લખનઉ, પ્રતાપગઢ સ્ટેશનો પર નહીં રોકાય.

# હવેથી શ્રેષ્ઠ સ્વચ્છ સરકારી કચેરીઓને મળશે સન્માન



ગાંધીનગરઃ 'સ્વચ્છતા હી સેવા-2026' અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીના સીધા નેતૃત્વ હેઠળના સામાન્ય વહિવટ વિભાગ (જીએડી) ના ઠરાવ મુજબ રાજ્ય સરકારે સરકારી કચેરીઓને સ્વચ્છતા અંગે પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ સ્વચ્છ કચેરીઓને સન્માનિત કરવાનું પણ આયોજન કર્યું છે. સરકારી કચેરીઓમાં પડતર તુમારનો નિકાલ, રેકર્ડનું વર્ગીકરણ, બિનઉપયોગી વસ્તુઓ દૂર કરવા સહિત કચેરીની સ્વચ્છતા અને સાફ-સફાઈ પર ભાર મૂકવામાં આવ્યો છે. સરકારી કચેરીઓની કામગીરીનું 100 ગુણના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે. તેમાં તુમારના નિકાલ માટે 20 ટકા, રેકર્ડના વર્ગીકરણ માટે 30 ટકા અને ભંગાર, ઈ-વેસ્ટ તથા બિનઉપયોગી વસ્તુઓના નિકાલ સાથે કચેરીની સ્વચ્છતા/સાફ-સફાઈ માટે 50 ટકા વેઈટેજ નક્કી કરવામાં આવ્યું છે. સારી કામગીરી કરનારી કચેરીઓની પસંદગી Best, Emerging અને Aspiring એમ ત્રણ કેટેગરીમાં કરવામાં આવશે. સચિવાલયના વિભાગો, ગાંધીનગર ખાતે આવેલી ખાતાના વડાની કચેરીઓ તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓને આ પ્રક્રિયામાં આવરી લેવામાં આવી છે. અભિયાન હેઠળ થયેલી કામગીરીનો રિપોર્ટ 31 ઓક્ટોબર 2026 સુધીમાં મોકલવાનો રહેશે. ત્યારબાદ ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા કચેરીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે અને 30 નવેમ્બર સુધીમાં અંતિમ યાદી તૈયાર કરવાની રહેશે. પસંદ થયેલી કચેરીઓને 25 ડિસેમ્બર 2026ના સુશાસન દિવસ નિમિત્તે પ્રમાણપત્ર આપવામાં આવશે.

# કેગનો રિપોર્ટ ખોટો, સ્ટેશનો પર પાણી શુદ્ધ હોવાનો રેલવેનો દાવો

**7 દિવસમાં 2000 થી વધુ સેમ્પલનું ટેસ્ટિંગ, 99% પાણી પીવાલાયક**

**સુરત સહિત તમામ સ્ટેશનોનાં વોટર કુલર અને પીવાના પાણીના પોઈન્ટ ચેક કરાયા**

**ખામી જણાતા સંબંધિત વિભાગને નોટિસ ફટકારાઈ**

સુરતઃ મુસાફરોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા પીવાના પાણીની ગુણવત્તા ચકાસવા માટે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી હોવાના દાવા કરવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેના મેડિકલ વિભાગ દ્વારા ગત 9 થી 15 સપ્ટેમ્બર દરમિયાન સાત દિવસમાં સમગ્ર નેટવર્કમાં 2000 થી વધુ પાણીના સેમ્પલ લઈને ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. રેલવેએ 99 ટકા સેમ્પલમાં પાણી પીવાલાયક હોવાનો દાવો કર્યો છે, તે ગળે ઉતરી રહ્યો નથી. રેલવે દ્વારા નિયમિતપણે બેક્ટેરિયોલોજીકલ તપાસ અને ક્લોરિન ટેસ્ટિંગ કરવામાં આવે છે, જેના આંકડાઓ પણ રજૂ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આ સાત દિવસ દરમિયાન 276 બેક્ટેરિયોલોજીકલ સેમ્પલ ટેસ્ટ કરાયા હતા, જેમાંથી મોટાભાગના સેમ્પલ ફિટ હોવાનું જણાવવામાં આવ્યું છે. જ્યારે 1,745 રેસિડ્યુઅલ ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાં પણ સંતોષકારક પરિણામો મળ્યા હોવાનો દાવો છે. જો કે, જે સેમ્પલ અનફિટ જણાયા હતા તે અંગે સંબંધિત વિભાગોને જાણ કરીને સુધારાત્મક પગલાં લેવાની વાત કરવામાં આવી છે.

આ કવાયતનો હેતુ પીવાનું પાણી સુરક્ષિત રહે અને યોગ્ય ક્લોરિનેશન જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનો છે. રેલવે દ્વારા પાણીની ટાંકીઓ, પાઈપલાઈન, વોટર કુલર અને વિતરણ પોઈન્ટની જાળવણી પર ધ્યાન આપવામાં આવી રહ્યું હોવાનું કહેવાયું છે.

તેમ છતાં, સેમ્પલિંગ અને ટેસ્ટિંગના આંકડાકીય દાવાઓ વચ્ચે રેલવેની આ ચેકિંગ પ્રક્રિયા અને તેની પારદર્શિતા સામે વિવિધ તબક્કે સવાલો ઉઠી રહ્યા છે કે શું આ પ્રકારની નિયમિત ચકાસણી માત્ર કાગળ પર જ સીમિત રહે છે કે પછી વાસ્તવિક સ્તરે તેના સંતોષકારક પરિણામો મળે છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### પાલિકાના લેટ...

સાત તો યુનિફોર્મ વગર જ ફરજ પર આવ્યા હોય તમામ કર્મચારીઓ સામે કડક શિસ્તભંગના પગલાં લેવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મુખ્ય ગેટ પર ચેકીંગની ટીમ જોઈને અમુક કર્મચારીઓ નજરે ના ચડી જવાય એટલે બારોબાર ઘરે ચાલ્યા ગયા હતા અને રજા મુકી દીધી હતી. એક તરફ વિજિલન્સ ટીમ મુખ્ય પ્રવેશદ્વારે કડક તપાસ કરી રહી હતી, ત્યારે બીજી તરફ પાલિકા કચેરી પાછળની ગલીમાં મોડા આવેલા અનેક કર્મચારીઓ એકઠા થઈને ઊભા રહી ગયા હતા. જોકે, ત્યાં મીડિયાના કેમેરા પહોંચી જતાં જ પકડાઈ જવાના ડરથી કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી અને તેઓ મોં છુપાવીને દોડતા જોવા મળ્યા હતા.

વિજીલન્સ વિભાગના વડા ડેપ્યુટી કમિશનર નિધી સિવાચે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ અમારી એક રૂટિન પ્રોસિજર છે. અગાઉ ગેરહાજર રહેતા સફાઈ કામદારોને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા.

દર વખતે અમે ઝોનની અને જુદા જુદા વિભાગોની જેટલી પણ કચેરીઓ છે, તેમાં દફતર તપાસની અને કર્મચારીઓની હાજરીની તપાસ કરીએ છીએ.તપાસનો સંપૂર્ણ ડેટા કમ્પાઈલ થયા બાદ તેને બાયોમેટ્રિક એટેન્ડન્સ સાથે સરખાવીને નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

નાના કર્મચારીઓથી લઈને એક્ઝિક્યુટિવ એન્જિનિયર સહિતના તમામ અધિકારીઓ પર આ નિયમો સમાન રીતે લાગુ પડે છે. ફિલ્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે ગૂગલ લોકેશન અને ટાઈમ-સ્ટેમ્પિંગ સાથે ફોટો મોકલી હાજરી નોંધાવવાની સુનિશ્ચિત વ્યવસ્થા ગોઠવાયેલી છે. આ કડક તપાસથી મોડા આવતા કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### ચેકિંગ ટીમે...

અંદર જઇને પણ ચેકીંગ કરવામાં આવ્યું હતુ અને જે કર્મચારી પોતાની ખુરશી પર નહોતા તે ખુરશીના ફોટો પણ લેવાયા હતા

### રોકડાની...

હોવાનો છે. યુનિયનના જણાવ્યા મુજબ સ્કેલ-III સુધીના કર્મચારીઓ અને અધિકારીઓ માટે મહત્તમ 15 દિવસના મૂળ પગાર તથા DA જેટલી PLIની જોગવાઈ સામે સ્કેલ-IV અને ઉપરના અધિકારીઓ માટે વ્યક્તિગત કામગીરીના આધારે 365 દિવસના મૂળ પગાર જેટલી PLIની જોગવાઈ કરવામાં આવી છે. બેંક ઓફ બરોડા કર્મચારી યુનિયનના અગ્રણી ડી.એમ. ચાવડાના જણાવ્યા મુજબ બેંકિંગ ક્ષેત્રના આશરે આઠ લાખ કર્મચારીઓ-અધિકારીઓમાંથી સ્કેલ-IV અને ઉપરના અધિકારીઓની સંખ્યા આશરે 40 હજાર છે. યુનિયનના મતે PLIનું માળખું વ્યક્તિગત રેન્કિંગને બદલે બેંકના સામૂહિક પ્રદર્શન સાથે જોડાયેલું અને તમામ કેડર માટે સમાન હોવું જોઈએ. PLI મુદ્દો હાલમાં કેન્દ્રીય મુખ્ય શ્રમ આયુક્ત (CLC) સમક્ષ સમાધાન પ્રક્રિયામાં હોવાનો UFBUનો દાવો છે. આ ઉપરાંત મુદ્દો દિલ્હી હાઈકોર્ટમાં પણ પેન્ડિંગ હોવાનું યુનિયનો કહે છે.

### નામ ' એ-વન...

બદલ મનપા દ્વારા સંચાલકને રૂ. 10,000નો રોકડ દંડ ફટકારવામાં આવ્યો હતો. આ સાથે ચેતવણી આપવામાં આવી છે કે જો આગામી સમયમાં સ્વચ્છતાના માપદંડોનું પાલન નહીં કરાય તો એકમને સીલ કરવા સહિતના કડક કાનૂની પગલાં લેવાશે.

### આખરે મનપાને...

શેરી, ઘાંચી શેરી, વોર્ડવાળી શેરી, કુંવર સિંહની શેરી અને દુધારા શેરીના રહીશોએ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર ગાંજાવાલા સમક્ષ લેખિત તથા મૌખિક રજૂઆત કરી હતી. પોલીસ કમિશનર અને ટ્રાફિક વિભાગને પણ ફરિયાદ કરવામાં આવી હતી. 21 સપ્ટેમ્બરે ફરિયાદો વધતા ગાંજાવાલાએ દબાણ વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ટીમે રાજમાર્ગ પરથી સ્ટેચ્યુ સહિતના દબાણો હટાવ્યા હતા. જોકે, મનપાની ટીમ પરત ગયા બાદ ફરી દબાણ થયાની ફરિયાદ મળતાં બીજા દિવસે સવારે ફરી કાર્યવાહી કરવી પડી હતી.

### 7 વર્ષ...

સ્થિતિમાં છે. પરિણામે ડેમની સપાટી પણ છેલ્લા કેટલાક સમયથી 337.86 ફૂટની આસપાસ સ્થિર જોવા મળી રહી છે. ઉકાઈ ડેમનું રૂલ લેવલ 345 ફૂટ નક્કી કરવામાં આવ્યું છે. તેની સામે હાલ ડેમની સપાટી 337.86 ફૂટ હોવાથી ડેમ રૂલ લેવલથી આશરે 7.14 ફૂટ નીચે છે. બીજી તરફ, પાણીની જાવક પણ લગભગ 800 ક્યુસેકની આસપાસ જળવાઈ રહેતાં ડેમની સપાટી હાલની આસપાસ સ્થિર રહેવાની શક્યતા છે.

### ઇચ્છાપોરમાં...

જથ્થો તથા મીટર પેટીને નુકસાન થયું હતું. સબ ફાયર ઓફિસર સંપત સુથારે જણાવ્યું હતું કે કાપડના ખાતામાં સફાઈ કર્યા બાદ બહાર કાઢવામાં આવેલા નકામા કાપડ અને વેસ્ટેજમાં આગ લાગી હતી.

### આ વિસર્જનમાં...

ઇન્ટેલિજન્સ) સક્ષમ કેમેરા મારફતે શંકાસ્પદ હિલચાલ અને ગુનાહિત ભૂતકાળ ધરાવતા તત્ત્વો પર સતત વોચ રાખવામાં આવી રહી છે. આ મેગા સિક્યોરિટી ડ્રાઇવમાં સંયુક્ત પોલીસ કમિશનર બલરામ મીના, મહેન્દ્ર બગરિયા, ટ્રાફિક જેસીપી સજનસિંહ પરમાર, ડીસીપી ભાવેશ રોજિયા, ડીસીપી રાજદીપસિંહ નકુમ, ડીસીપી રાઘવ જૈન અને એસીપી કિરણ મોદી સહિત પોલીસ ઇન્સ્પેક્ટરો અને મોટી સંખ્યામાં જવાનો જોડાયા હતા. ૨૫થી વધુ મુખ્ય વિસર્જન માર્ગો પર અગાઉથી માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે અને જરૂરિયાત મુજબ વૈકલ્પિક વાહનવ્યવહારના રૂટ જાહેર કરાશે. મહાનગરપાલિકા, કલેક્ટર કચેરી, DGVCL અને ફાયર બ્રિગેડ સાથે સંકલન સાધીને પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે તહેવારની શાંતિમાં ખલેલ પહોંચાડનારા તત્ત્વો સામે કડકમાં કડક કાનૂની પગલાં ભરાશે.

### મોટા વરાછાના...

માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. મૃતક કિશોરના પિતાની ફરિયાદના આધારે સરથાણા પોલીસે આત્મહત્યાની દુષ્પ્રેરણા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ૨૧ વર્ષીય આરોપી સાગર રાજુભાઇ બોળીયા (રહે., રઘુકુળ પેલેસ, જે.જે.નગર સોસાયટી, પુણાગામ, સુરત, મૂળ રહે., વાઢેરા, તા.ધંધૂકા, જિ.બોટાદ) ની ધરપકડ કરી છે. આ ઉપરાંત, આ સમગ્ર કૌભાંડ અને ધાક-ધમકી આપવામાં સામેલ એવા એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને પણ પોલીસે ડિટેઈન કર્યો છે. સરથાણા પોલીસ આ કેસમાં સામેલ અન્ય શખ્સોની ભૂમિકા અંગે પણ વધુ તપાસ ચલાવી રહી છે.

# ભાડે ગાડી નહીં આપતાં કિયા સોનેટ સળગાવનાર બે ઝડપાયા

**ગાડીઓ ભાડે લઈ બુટલેગરોને વેચવાની મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ**

સુરતઃમોટા વરાછા વાસ્તુ સર્કલ પાસે ભાડેથી ફોર વ્હીલર ગાડી ન આપવાની અદાવતમાં યુવક સાથે મારામારી કરી, તેની કિયા સોનેટ કાર પર કેરોસીન છાંટી સળગાવી દેવાના ગંભીર ગુનામાં ઉત્રાણ પોલીસે ગણતરીના કલાકોમાં બે શાતિર આરોપીઓને ઝડપી પાડ્યા છે.મોટા વરાછા વાસ્તુ સર્કલ પાસે આરોપીઓએ ફરિયાદી પાસે કાર ભાડે માંગી હતી. જોકે, ફરિયાદીએ ગાડી આપવાની ના પાડતાં ઉશ્કેરાયેલા શખ્સોએ માં-બહેન સમાણી ગાળો ભાંડી ઢીંક-મુક્કી તથા લાતોનો માર મારી ફરિયાદીને ઢીંચણ તથા શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ ગત તા. ૧૨/૦૯/૨૦૨૬ના રોજ મોડી રાત્રે ઉત્રાણ ગજેરા કમ્પાઉન્ડ ખાતે માધવ પાનના ગલ્લા પાસે પાર્ક કરેલી ફરિયાદીના મિત્ર નયન જાદવની કિયા સોનેટ કાર (GJ-05-RP-5249) પર કેરોસીન છાંટીને આગ ચાંપી દીધી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ ગંભીર બનાવ અંગે ઉત્રાણ પોલીસ મથકમાં બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાતાં, પોલીસ કમિશનર વાબંગ જામીર અને નાયબ પોલીસ કમિશનર ઝોન-૫ લખધીરસિંહ ઝાલાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પીઆઈ એચ.આર. ગોસ્વામી અને પીએસઆઈ આર.ડી. ધાધલની ટીમે અંગત બાતમીદારો મારફતે ચોક્કસ માહિતી મેળવી દીપ ઉર્ફે ગોલ્ડન હરેશભાઈ ડોબરીયા (ઉ.વ.૧૯, રહે. આગમન રેસિડેન્સી, ઉત્રાણ; મૂળ રહે. શાકહપુર, લાઠી, અમરેલી) અને સમીર ઉર્ફે જાદવ અબ્દુલભાઈ સિંધા (ઉ.વ.૨૩, રહે. કોસાડ આવાસ, અમરોલી; મૂળ રહે. જંત્રાણ, જંબુસર, ભરૂચ) ને ઝડપી લીધા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ આરોપીઓ ફોર વ્હીલર ગાડીઓ ભાડે મેળવી બે મહિનાનું ભાડું ચૂકવ્યા બાદ ગાડીઓ અન્ય રાજ્યોના બૂટલેગરોને વેચી દેતા હતા. ગાડી માલિકો પોતાની કાર પરત માગે ત્યારે દાદાગીરી કરી મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. પકડાયેલા 'ગોલ્ડન' સામે અમરોલી અને સરથાણામાં તથા 'જાદવ' સામે અમરોલી પોલીસ મથકમાં પ્રોહિબિશન, રાયોટિંગ અને ગંભીર ઈજા પહોંચાડવાના અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે.